## : ડ્રાયવર કક્ષાની જાહેરાત ક્રમાંક : GSRTC/202324/1 અન્વયે ડ્રાઈવીંગ ટેસ્ટ માટે બોલાવેલ ઉમેદવારો માટેની સુચનાઓ :

૧. ફક્ત એસ.સી. / એસ.ટી. કેટેગરીના ઉમેદવારોએ ડ્રાયવીંગ ટેસ્ટ આપવા માટે રહેઠાણના સ્થળથી ડ્રાયવીંગ ટેસ્ટ સેન્ટર સુધી આવવા અને ડ્રાયવીંગ ટેસ્ટ સેન્ટરથી રહેઠાણના સ્થળ સુધી પરત જવા માટે એસ.ટી.બસમાં મફત મુસાફરી માટે પાસનો નમુનો Anexure-A નિગમની વેબસાઈટ https://gsrtc.in ઉપરથી ડાઉનલોડ કરી તેમાં જરૂરી વિગતો ભરી મુસાફરી સમયે ફરજ પરના કંડકટરને તે પાસ અને જાતિનું અસલ પ્રમાણપત્ર અવશ્ય બતાવવાનું રહેશે .

૨. ઉમેદવાર દ્વારા ઓનલાઈન અરજીપત્રકમાં દર્શાવેલ તમામ દસ્તાવેજો (અસલ તેમજ નકલ સહિત) તેમજ આર.ટી.ઓ નું ડ્રાયવીંગ લાયસન્સ અને કોમ્પ્યુટરાઈઝડ ઇન્ફોર્મેશન સર્ટીફીકેટ સહિત ડ્રાયવીંગ ટેસ્ટ સમયે રજૂ કરવાના રહેશે જેની પ્રાથમીક ચકાસણી નિગમ દ્વારા ડ્રાયવીંગ ટેસ્ટના સ્થળે ડ્રાયવીંગ ટેસ્ટ આપતા પહેલા કરવામાં આવશે. દસ્તાવેજ યોગ્ય જણાયેથી જ ઉમેદવારને ડ્રાયવીંગ ટેસ્ટ આપવા દેવામાં આવશે જ્યારે દસ્તાવેજો યોગ્ય ન જણાય તેવા ઉમેદવારનું અરજીપત્રક સ્થળ ઉપર જ રદ કરી તેની ઉમેદવારને લેખિતમાં જાણ કરવામાં આવશે અને આવા ઉમેદવારને ડ્રાયવીંગ ટેસ્ટ આપવા દેવામાં આવશે નહિ.

૩. અરજીપત્રકમાં બિનઅનામત (જનરલ) કેટેગરી દર્શાવેલ હોય તેવા તમામ ઉમેદવારોએ ડ્રાયવીંગ ટેસ્ટ માટેની ફી રૂ.૨૨૫/- (અંકે બસો પચીસ પુરા) ડ્રાયવીંગ ટેસ્ટના સ્થળે રોકડેથી ભરવાની રહેશે.

૪. અરજીપત્રકમાં આર્થિક રીતે નબળા વર્ગ (EWS), અનુસૂચિત જાતિ (SC), અનુસૂચિત જનજાતિ (ST), સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (SEBC) અને માજી સૈનિક (EX SERVICEMAN) કેટેગરી દર્શાવેલ હોય તેવા તમામ ઉમેદવારોને ડ્રાયવીંગ ટેસ્ટ માટેની ફી માંથી મુક્તિ આપવામાં આવે છે.

૫ . ડ્રાયવીંગ ટેસ્ટના સમયે ઓનલાઈન અરજીપત્રકમાં દર્શાવ્યા મુજબનું જાતિનું અસલ પ્રમાણપત્ર તેમજ માજી સૈનિકની ડીસ્ચાર્જ બુક રજુ કર્યેથી જ ડ્રાયવીંગ ટેસ્ટ માટેની ફી માંથી મુક્તિ આપવામાં આવશે જો કોઈ ઉમેદવાર ઓનલાઈન અરજીપત્રકમાં દર્શાવ્યા મુજબનું જાતિનું અસલ પ્રમાણપત્ર તેમજ માજી સૈનિકની ડીસ્ચાર્જ બુક ડ્રાયવીંગ ટેસ્ટના સ્થળે રજુ નહી કરે તો તેવા ઉમેદવારોએ ડ્રાયવીંગ ટેસ્ટ માટેની ફી પેટે રૂ.૨૨૫/- (અંકે બસો પચીસ પુરા) ડ્રાયવીંગ ટેસ્ટના સ્થળે રોકડેથી ભરવાની રહેશે જે પરત મળવા પામશે નહિ.

૬. તોલમાપ વિભાગ દ્વારા પ્રમાણિત કરેલ નિગમના અધિકૃત થયેલ ઊંચાઈ મશીન દ્વારા જ ઉમેદવારની ઊંચાઈ માપવામાં આવશે અને તે જ ઊંચાઈ માન્ય ગણાશે તે સિવાય ઊંચાઈ માટેના અન્ય કોઈ પ્રમાણપત્ર ગ્રાહ્ય રાખવામાં આવશે નહિ તથા ઊંચાઈ માપન વખતે ઉમેદવારના માથા ઉપર કોઈ પણ વસ્તુ કે પદાર્થ હશે તો તે દુર કર્યા બાદ ખુલ્લા પગે ઊંચાઈ માપન કરવામાં આવશે. નિગમ દ્વારા ઊંચાઈ બાબતે લેવાયેલ નિર્ણય ઉમેદવારને બંધનકર્તા રહેશે. જો ઉમેદવાર આવી વસ્તુ કે પદાર્થ દુર કરવાની ના પાડશે તો ઊંચાઈ માપન કર્યા વિના જ ઉમેદવારનું અરજીપત્રક રદ્દ કરવામાં આવશે. ઊંચાઈ માપન અન્વયે નિયત ઊંચાઈ ધરાવતા લાયક ઉમેદવારનો જ ડ્રાયવીંગ ટેસ્ટ લેવામાં આવશે.

૭. ડ્રાયવીંગ ટેસ્ટમાં ૩૭ થી ઓછા ગુણ મેળવેલ હશે તો તેવા ઉમેદવારને નાપાસ ગણાશે .

૮. જે ઉમેદવારે ડ્રાયવીંગ ટેસ્ટમાં ૩૭ કે તેથી વધુ ગુણ મેળવેલ હશે તો તેઓના અરજીપત્રકમાં દર્શાવેલ વિગતો મુજબના દસ્તાવેજોની પુન:ચકાસણી કરવામાં આવશે. અરજીપત્રકમાં દર્શાવેલ વિગતો મુજબના દસ્તાવેજો ધરાવતા ન હોય તો ડ્રાયવીંગ ટેસ્ટમાં પાસ થયેલ હોવા છતાં આવા ઉમેદવારના અરજીપત્રક રદ્દ કરવામાં આવશે.

૯. ઉમેદવાર દ્વારા એક કરતા વધુ અરજીપત્રકો ભરેલ હશે તો તેવા ઉમેદવારનું અંતિમ અરજીપત્રક ગ્રાહ્ય રાખી તે જ અરજીપત્રક ઉપર ડ્રાયવીંગ ટેસ્ટ એક જ વખત આપવાનો રહેશે.

૧૦.લાયસન્સ રીન્યુઅલમાં બ્રેક થયેલ હશે અને તેના કારણે અનુભવ ચાર વર્ષથી ઓછો માલુમ પડશે તો ડ્રાયવીંગ ટેસ્ટમાં પાસ થયેલ હોવા છતાં આવા ઉમેદવારના અરજીપત્રક રદ્દ કરવામાં આવશે.

૧૧.ઉમેદવારે અનુભવનું પ્રમાણપત્ર જાહેરાતમાં દર્શાવેલ નિયત નમુના મુજબ લાવવાનું રહેશે.

૧૨.ડ્રાયવીંગ ટેસ્ટમાં પાસ થવાથી ઉમેદવાર સીધેસીધા પસંદગીને પાત્ર થતા નથી.

૧૩.ઉમેદવાર દ્વારા ઓનલાઈન અરજીપત્રકમાં ભરેલ વિગતોને ધ્યાને લઈ ડ્રાયવીંગ ટેસ્ટ માટે બોલાવવામાં આવેલ છે પરંતુ આવા ઉમેદવારનું ડ્રાયવીંગ લાયસન્સ નિયત ચાર વર્ષ કરતા ઓછા સમયનું હશે તો તેવા ઉમેદવારનું અરજીપત્રક સ્થળ ઉપર જ રદ કરી તેની ઉમેદવારને લેખિતમાં જાણ કરવામાં આવશે અને આવા ઉમેદવારને ડ્રાયવીંગ ટેસ્ટ આપવા દેવામાં આવશે નહિ.

૧૪.કોલલેટરમાં દર્શાવેલ તારીખ, સમય અને સ્થળે ઉમેદવાર હાજર નહિ રહે તો તેવા ઉમેદવારને ડ્રાયવીંગ ટેસ્ટ આપવા દેવા અંગેની બીજી તક કોઈ પણ સંજોગોમાં આપવામાં આવશે નહિ.

૧૫.કોઈપણ સંજોગોમાં ઉમેદવારના રી-ટેસ્ટ લેવામાં આવશે નહિ.

૧૬. ટેકનીકલ કારણોસર અથવા ચોમાસાની ઋતુ અથવા અનિવાર્ય કારણોસર ટેસ્ટ લઇ શકાય તેમ ન હોય તેવા સંજોગોમાં ટેસ્ટનું આયોજન અન્ય તારીખે કરવામાં આવશે જે તમોને બંધનકર્તા રહેશે.

૧૭.ઓનલાઈન અરજીપત્રકમાં અનુ.જાતિ, અનુ.જનજાતિ તથા સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ દર્શાવવામાં આવેલ હોય તેવા ઉમેદવારોની જાતિ અંગેની ખરાઈ સરકારશ્રીની સમિતિ સમક્ષ કરાવવાની હોવાથી સદરહુ વર્ગના તમામ ઉમેદવારોએ નિગમની વેબસાઈટ ઉપરથી જાતિ ખરાઈ અંગેનું ચેકલીસ્ટ ડાઉનલોડ કરી તેમાં દર્શાવેલ વિગતો ભરી જરૂરી પ્રમાણપત્રો સહિત ડ્રાયવીંગ ટેસ્ટના દિવસે અવશ્ય સાથે લાવવાનું રહેશે.